રજની જશે ને પ્રભાત ઉજળશે ને સ્મિત કરશે પ્રેમાળ, દિવ્ય ગણોના વદન મનોહર, મારે હૃદય વસ્યા ચિરકાળ, જે મેં ખોયા હતા ક્ષણવાર મુજ જીવનપંથ ઉજાળ

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૬૮૧ |
| અમદાવાદ | ૨૧૧ |
| ગાંધીનગર | ૧૨ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૪ — ૩ જુલાઈ, ૨૦૨૦, શુક્રવાર; અષાઢ સુદ - ૧૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત રશિયા પાસેથી સુખોઈ-મિગ-૨૯ યુદ્ધ વિમાન ખરીદશે

**૧૨ સુખોઈ, ૨૧ મિગ-૨૯ યુદ્ધ વિમાન ખરીદ કરશે : ભારત-રશિયા વચ્ચે મહત્વનો સોદો : ૧૮૧૪૮ કરોડ રુપિયાની ખર્ચ થશો, દેશના સંરક્ષણ મંત્રાલયે મંજૂરી આપી, સૈન્યશક્તિ વધારવા ભારત સક્રિય : વર્તમાન યુદ્ધ વિમાનોને અપગ્રેડ કરાશે**

નવી દિલ્હી, તા. ૨

લદાખમાં ચીનની સાથે વધતા તણાવની વચ્ચે ભારત સરકાર સતત સૈન્યશક્તિ વધુ મજબૂત કરવા સક્રિય થયું છે. કેટલાક સમય પહેલાં ભારત સરકારે ત્રણેય સેનાઓને બૉંબ અને ઘાતક હથિયાર ખરીદવા માટે ઈમરજન્સી નાણાકીય શકિત પ્રદાન કરી હતી. ત્યારબાદ હવે ભારત અને રશિયા વચ્ચે મોટી ડિફેન્સ ડીલ થઈ છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે રશિયા પાસેથી ૩૩ નવા યુદ્ધ વિમાન ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. ભારત રશિયા પાસેથી ૧૨ નવા સુખોઈ-૩૦ અને ૨૧ નવા મિગ-૨૯ યુદ્ધ વિમાન ખરીદશે. આ સિવાય ૫૯ વર્તમાન મિગ-૨૯ અપગ્રેડ પણ કરાશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે એમાં કુલ ૧૮૧૪૮ કરોડ રુપિયાની ખર્ચ થશે. બંને દેશોની વચ્ચે થનાર આ સૌથી મોટી અને મહત્વપૂર્ણ ડીલનો નિર્ણય ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે લીધો છે. ૨૧ મિગ-૨૯ વિમાન ખરીદવા અને મિગ-૨૯ના વર્તમાન યુદ્ધ વિમાનોને અપગ્રેડ કરવામાં

● અનુસંધાન પાના - ૭ પર



પ્રતિકાત્મક તસવીર

# હવે ખાનગી કંપની પેસેન્જર ટ્રેન ચલાવી શકશે



**રોજગારીની તકો અને વધુ સારી સેવા મળવાની દલીલ : કુલ ૧૦૯ રૂટ ઉપર સંચાલન થશે : ૯૦ નવી સ્પેશિયલ ટ્રેનો દોડવવાની તૈયારી**

નવી દિલ્હી , તા. ૨

ભારતીય રેલવેએ મુસાફર ટ્રેનોનું સંચાલન કરવા માટે ખાનગી કંપનીઓના માટે માર્ગ મોકળો કરી આપ્યો છે. દેશમાં ૧૦૯ સ્થળોના રૂટ પર ખાનગી કંપનીઓ ટ્રેનનું સંચાલન કરી શકશે. તેમાં ૩૦ હજાર કરોડ રૂપિયાના રોકાણની સંભાવના વ્યકત કરાઈ છે. આ માટે રેલવે મંત્રાલયે તેનાથી રોજગારીની તકો વધવાની સાથે લોકોને સારી સુવિધા મળશે સહિત અન્ય કેટલીક દલીલો રજૂ કરાઈ છે. દેશભરમાં પેસેન્જર ટ્રેન સંચાલન

## નેપાળમાં રાજકીય ભૂકંપ : વડાપ્રધાન કેપી ઓલીના રાજીનામા માટે દબાણ

**ભારત વિરોધી કેપી ઓલી પોતાના દેશમાં ફસાયા : દેશમાં બરોબર કામ કરતા ન હોઈ નેપાળના વિપક્ષી દળો વડાપ્રધાન ઓલીના રાજીનામાની માગણી કરી રહ્યા છે**

કાઠમંડુ, તા. ૨

નેપાળમાં રાજકીય ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. વડાપ્રધાન કેપી ઓલી સતત પોતાની ખુરશી બચાવવાની કોશિશ કરી રહ્યા છે. આ દરમિયાન ગુરુવારે વડાપ્રધાન કે.પી.ઓલીએ કેબિનેટની બેઠક પહેલાં રાષ્ટ્રપતિ વિદ્યા ભંડારી સાથે મુલાકાત કરી છે. આ મુલાકાત દરમિયાન તેમણે રાજકીય ઘટનાક્રમમાં પરિવર્તન લઈને ચર્ચા કરી છે. ત્યારબાદ સરકાર તરફથી બોલાવાયેલી ઈમરજન્સી કેબિનેટ બેઠકમાં વર્તમાન બજેટ સત્રને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



વડાપ્રધાન કેપી ઓલી સતત વિપક્ષી દળોના નિશાન પર છે અને કેટલાય નેતાઓ તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે. નેતાઓનું કહેવું છે કે કેપી ઓલી બરાબર કામ કરી રહ્યા નથી. આ દરમિયાન કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન કે.પી.ઓલી નેપાળની જનતાને સંબોધિત કરી શકે છે. આ સંબોધનમાં એ ખુદ પર લાગેલાં આરોપને લઈને દેશની જનતા સાથે વાતચીત કરી શકે છે.

નેપાળના વડાપ્રધાન વિરુદ્ધ માહૌલ ત્યારે બનવાનો શરુ થયો, જ્યારે તેમણે સંસદમાં વિવાદિત નકશા ધરાવતું બિલ પસાર કર્યું હતું, જેમાં ત્રણ ભારતીય વિસ્તારોને નેપાળનો હિસ્સો ગણાવ્યા હતા. ભારત વિરોધી વલણ ધરાવતા કેપી ઓલીની સરકાર પડવાની નજીક પહોંચી ગઈ છે. ઓલીએ પોતાની સરકાર પાડવાની કોશિશ કરવાનો ભારત પર આરોપ લગાવ્યો છે. હવે એ દેશના નામે સંબોધનમાં ફરી એકવાર ભારત પર ગંભીર આરોપ લગાવી શકે છે. જોકે, કે.પી.ઓલીની ભારત વિરોધ નિવેદનબાજીને લઈને નેપાળના મોટા નેતાઓ સતત તેમની ટીકા કરી રહ્યા છે અને તેમના ભારત વિરોધી વલણની ટીકા કરી રહ્યા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૦૮૭૬૪૧૦ | ૫૨૦૪૬૦ | ૬૦૧૨૩૪૯ |
| ભારત | ૬૧૮૩૯૪ | ૧૮૦૮૯ | ૩૭૦૪૧૪ |
| ગુજરાત | ૩૩૯૯૯ | ૧૮૮૮ | ૨૪૬૦૧ |
| ગાંધીનગર | ૭૫૬ | ૫૧ | ૫૦૨ |

# દેશમાં કોરોનાના ૧૯,૧૪૮ નવા કેસ

**છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૪ના મોત : ૩.૫૯ લાખ દર્દીઓ સાજા થયા**

નવી દિલ્હી,તા.૨

કોરોના વાયરસના સંક્રમણનો વ્યાપ દેશમાં સતત વધી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસથી રોજના ૧૮ હજારથી વધુ પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. ગુરુવાર સવારે પણ જાહેર થયેલા આંકડાઓ મુજબ, ભારતમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧૯,૧૪૮ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. ચિંતાજનક બાબત એ છે કે, છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના કારણે ૪૩૪ દર્દીઓએ પોતાનાં જીવ ગુમાવ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬ લાખ ૦૪ હજાર ૬૪૧ કન્ફર્મ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના દ્વારા જાહેર થયેલા આંકડા મુજબ, ભારતમાં કોરોના વાયરસના હવે ૨ લાખ ૨૬ હજાર ૯૪૭ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી દેશભરમાં ૧૭,૮૩૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, ૩ લાખ ૫૯ હજાર ૮૬૦ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. બીજી તરફ, ગુજરાતમાં બુધવાર સાંજે જાહેર થયેલા આંકડાઓ મુજબ, ૨૪ કલાકમાં ૬૭૫ નવા કેસ નોંધાયા છે જ્યારે ૨૧ દર્દીનાં મોત થયા છે. કોરોના વાયરસના કારણે રાજ્યમાં સૌથી ગંભીર સ્થિતિ અમદાવાદ અને સુરતની છે. અમદાવાદ શહેર અને જિલ્લાના મળીને ૨૧૫ કેસ નોંધાયા છે જ્યારે સુરતના ૨૦૧ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૭૪૧૧ છે. અમદાવાદમાં ૨૧૫, સુરતમાં ૨૦૧, વડોદરામાં ૫૮, નવસારીમાં ૨૪, જામનગર શહેરમાં ૧૫, ભરૂચમાં ૧૫, વલસાડમાં ૧૫, બનાસકાંઠામાં ૧૨, સુરેન્દ્રનગરમાં ૧૨, મહેસાણામાં ૧૦, રાજકોટ શહેરમાં ૯, કેડામાં ૯, ગાંધીનગરમાં ૮, આણંદમાં ૮, જૂનાગઢ શહેરમાં ૭, રાજકોટ

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- મુંબઈમાં ભારે વરસાદની આગાહી - તંત્ર એલર્ટ
- સર્જીકલ સ્ટ્રાઈક કરનાર સ્પેશિયલ ફોર્સ ભારતે લદાખમાં તહેનાત કરી.
- ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૩૮૮૦૬૫ ટેસ્ટ કરાયા. જયારે હજુ ૨૫૧૧૨૨ વ્યક્તિઓ ક્વૉરોન્ટાઈન છે.
- ભારતની પતંગિયાની યાદીમાં વધુ બે પ્રજાપતિઓ ઉમેરાઈ.
- આવકવેરા વિભાગે કરબચત રોકાણ માટે અંતિમ તારીખ ૩૧ જુલાઈ સુધી લંબાવી.
- ચૂંટણી પંચે કોવિડ પોઝિટિવ અને ૬૫ વર્ષથી વધુ વયના વ્યક્તિઓ પોસ્ટલ બેલેટ દ્વારા મત આપી શકશે.
- સુરત - અમદાવાદ વચ્ચે આવા-ગમન કરતી એસ.ટી. બસ સેવા સ્થગિત કરાઈ.
- સનફાર્મા કંપનીના ૧૪ કર્મચારીઓ એક સાથે કોરોના સંક્રમિત
- હિમાચલ પ્રદેશ અને લદાખમાં ફરી ૪.૫ની તીવ્રતાવાળા ભૂંકપના આંચકા.
- લોકડાઉનના ભંગ બદલા ન્યુઝિલેન્ડના સ્વાસ્થ્ય મંત્રી ડેવીડ ક્લાર્કનું રાજીનામું.

# ભારતમાં પ્રતિબંધ બાદ ટિકટોકને છ અબજ ડોલરનું નુકશાન થયું

**ચાઈનિઝ એપ પર પ્રતિબંધ બાદ કંપનીઓમાં ખળભળાટ : પ્રતિબંધથી ચીનમાં આક્રોશ**

બેઈજિંગ, તા. ૨

મોદી સરકારે સોમવારથી ભારતમાં ૫૯ ચીની એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યારબાદથી દેશમાં એક વર્ગમાં ચર્ચા ચાલી રહી છે કે આ એપ્સ પર પ્રતિબંધ મૂક્યા પછી ચીનને કેટલું આર્થિક નુકસાન થશે અને આ એપ્સ પર પ્રતિબંધ મૂકવાથી ભારતને કેટલો ફાયદો થશે? ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સે તેના એક લેખ દ્વારા આ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે. ચીનના સરકારી અખબારના એક લેખમાં કહેવામાં આવ્યું છે કે કેવી રીતે ટિકટોક પ્રતિબંધ બાદ તેની મૂળ કંપની બાઈટડાન્સ એક જ ઝાટકામાં કેટલાંક લાખ કરોડ ગુમાવવાની આરે આવી ગઈ છે. ગ્લોબલ ટાઈમ્સનો આ લેખ બુધવારની આખી રાત ટ્વિટર પર ચર્ચાનો વિષય રહ્યો છે. ગ્લોબલ ટાઈમ્સે લખ્યું છે કે ચીનની ઈન્ટરનેટ કંપની બાઈટડાન્સને ટિકટોક પર પ્રતિબંધ બાદ છ




અબજ ડોલર (૪,૫૨,૬૮,૫૩,૦૦,૦૦૦ રૂપિયા) નું નુકસાન થયું છે. ગ્લોબલ ટાઈમ્સના ઓફિશિયલ

● અનુસંધાન પાના - ૭ પર

## પ્રિયંકા દિલ્હીનો સરકારી બંગલો ખાલી કરી લખનૌ રહેવા જશે

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીમાંથી સરકારી બંગલો ખાલી કરાવાતાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીને ઉત્તરપ્રદેશમાં ઠરીઠામ થવાનું બહાનું મળી ગયું છે. રિપોર્ટ પ્રમાણે પ્રિયંકા ગાંધી વાડ્રા હવે યુપીમાં પોતાનો રાજકીય બેઝ કેમ્પ બનાવવાનાં છે. પ્રિયંકાના નજીકના સૂત્રોએ આ વાતની પુષ્ટિ કરી છે. પ્રિયંકા ટૂંક સમયમાં જ લખનૌના હજરતગંજમાં ગોખલે રોડ સ્થિત આ ઘરમાં રહેવા જશે. આ ઘર ઈન્દિરા ગાંધીનાં મામી શીલા કૌલનું છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી શીલા કૌલ જાણિતા વનસ્પતિ વૈજ્ઞાનિક પ્રોફેસર કૈલાશ નાથ કૌલના પત્ની હતા. વર્ષોથી ગોખલે રોડ પર કૌલનો આ બંગલો બંધ હાલતમાં છે. ન્યૂઝ એજન્સીના હવાલાથી જણાવ્યું હતું કે જાન્યુઆરી મહિનાથી ઘરનું રિપેરિંગ કામ ચાલુ હતું. કોરોનાના કારણે કામને થોડા સમય માટે રોકવામાં આવ્યું હતું. જો કે પ્રિયંકા લખનૌ ક્યારે શિફ્ટ થશે તે જાણવા મળ્યું નથી, પણ કહેવાય છે કે દિલ્હીમાં સરકારે તેમને બંગલો ખાલી કરવાનું કહી દીધું એટલે તેઓ નજીકના સમયમાં લખનૌ આવી રહ્યાં છે. પ્રિયંકા ઉત્તર પ્રદેશના રાજકારણમાં આ સાથે ફુલટાઈમ આપશે.

## સાંડેસરા કેસમાં ત્રીજી વાર અહેમદ પટેલની પુછપરછ

નવી દિલ્હી, તા. ૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોરેટએ ગુરુવારે સતત ત્રીજા દિવસે કોંગ્રેસના નેતા અને સાંસદ અહેમદ પટેલની મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરી હતી. સાંડેસરા બંધુઓના બેન્ક કૌભાંડ સંદર્ભે આ પૂછતાછ ચાલી રહી છે. અહેમદ પટેલની તેમના દિલ્હીના ઘરે ગુરુવારે પૂછપરછ કરવામાં આવી રહી હતી. ઈડીના ત્રણ સભ્યોની ટીમ મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે અહેમદ પટેલના મધ્ય દિલ્હીના લુટયન્સ સ્થિત ૨૩ મધર

## કોટિ કોટિ શુભેચ્છાઓ



માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્ત્વમાં ગુજરાત રાજ્યમાંથી રાજ્યસભામાં ચૂંટાવા બદલ
**શ્રી નરહરિભાઈ અમીનને ખુબ ખુબ શુભેચ્છાઓ...**

**સરદાર પટેલ સેવા સમાજ ગાંધીનગર**

અશોકભાઈ સી. પટેલ — પ્રમુખ
કાલિદાસ વી. પટેલ — ઉપપ્રમુખ
ગીરીશ પટેલ — મંત્રી
અશોકભાઈ ડી. પટેલ — ઉપપ્રમુખ
રમેશભાઈ કે. પટેલ — ખજાનચી
જે. કે. પટેલ — સહમંત્રી
સંજય એમ. પટેલ — સહમંત્રી

# અમેરિકામાં કોરોના વકર્યો : એક જ દિવસમાં ૫૨,૦૦૦ કેસ

**અમેરિકામાં રોજ ૪૦,૦૦૦ હજારથી વધુ કેસ : ૨૬ લાખથી વધારે કોરોનાના કેસ, જે વિશ્વના દેશો કરતા વધારે**

વોશિંગ્ટન, તા. ૨

અમેરિકામાં કોરોના વાયરસનો આતંક દિવસેને દિવસે વકરી રહ્યો છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ હજાર કોરોનાના નવા કેસ નોંધાયા છે. જે અત્યાર સુધીમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધારે કેસ છે. આટલા વધારે કેસ એવા સમયમાં નોંધાયા છે કે જ્યારે અમેરિકામાં બધું ખોલવાની તૈયારી કરવામાં આવી રહી છે. જોન હોપકિન્સ યૂનિવર્સિટીના જણાવ્યા અનુસાર, અમેરિકામાં હજી પણ ૨૬ લાખથી વધારે કોરોનાના કેસ છે કે જે વિશ્વના તમામ દેશો કરતા વધારે છે. જ્યારે ૧.૨૮ લાખ લોકો કોરોના વાયરસના કારણે કાળનો કોળિયો બની ગયા છે. અમેરિકામાં કેટલાક એક્સપર્ટ્સનું કહેવું છે કે સતત વધી રહેલી બેદરકારીના કારણે અમેરિકામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કારણ કે, ત્યાં કોઈ પણ પ્રકારની રોક-ટોક વગર લોકો પોતાના ઘરોની બહાર નિકળી રહ્યા છે અને મન ફાવે તેમ ફરી રહ્યા છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વાયરસ જે રીતે દુનિયાને પોતાના ભરડામાં લઈ રહી છે તે ગંભીર ચિંતાનો વિષય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા અનુસાર મંગળવારના રોજ દુનિયાભરમાં કુલ ૧.૮૯ લાખ કેસ નોંધાયા હતા જે એક દિવસમાં નોંધાયેલા સૌથી વધારે કેસ હતા. અમેરિકામાં જ્યાં દરરોજ ૪૦ હજારથી વધારે નવા કેસો નોંધાઈ રહ્યા છે ત્યાં બ્રાઝીલમાં દરરોજ ૩૦ હજારથી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. જ્યારે ભારતમાં છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૨૦ હજારની આસપાસ કેસ નોંધાઈ રહ્યા છે.

